





## બોલ મારી અંબે... જય જય અંબે... અંબાજી દૂર હૈ જાના જરૂર હૈ...

જગતજનની મા અંબા ના પ્રાગટ્ય દિન એવા ભાદરવી પૂનમના મહામેળા પ્રસંગે વૈશ્વિક મહામારી કોરોના ને પગલે રાજ્ય સરકાર દ્વારા સતત બીજા વર્ષે પણ મહામેળો મોકૂફ રખાયા છતાં ભક્તોનો અવિરત પ્રવાહ શક્તિપીઠ અંબાજીના રાજમાર્ગો પર પગપાળા યાત્રિકોનો પ્રવાહ સતત આગળ ધપી રહ્યો છે આજે ભાદરવી પૂનમના મહાપર્વે છેલ્લા સાત દિવસના સંખ્યા જોઈએ તો અંદાજે સાડા પાંચ લાખથી વધુ યાત્રિકોએ વિવિધ વાહનો અને પગપાળા ચાલતાં મા અંબા ના ગુણલા ગાતા આગામી નવરાત્રી માં માને ગરબે રમવા ભાવભર્યુ નિમંત્રણ આપવા પરંપરાગત રીતે આવી પહોંચ્યા હતા. વહીવટી તંત્ર અને પોલીસ તંત્ર દ્વારા છેલ્લા સાત દિવસથી ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે અને દેવસ્થાન ટ્રસ્ટ અંબાજી ના ચેરમેન કલેક્ટર બનાસકાંઠા આનંદ પટેલ વહીવટદાર સુરેન્દ્રસિંહ ચાવડા અને મંદિરના ઉચ્ચ અધિકારીઓ અને સ્ટાફ દ્વારા માઈ ભક્તોને કોઈ તકલીફ ન પડે તે માટે વ્યવસ્થા કરવામાં આવી છે. છેલ્લા ત્રણ દિવસથી સમગ્ર અંબાજી માઈભક્તો થી છલકાઈ રહ્યું છે યાત્રાધામ અંબાજીમાં આવેલ અંબિકા ભોજનાલયમાં પણ છેલ્લા ત્રણ માસ અગાઉથી જલિયાણ સંસ્થા દ્વારા માઈ ભક્તોને વિનામૂલ્યે ભોજન નો પ્રસાદ અપાઈ રહ્યો છે. યાત્રાધામ અંબાજીમાં મેળાનો પ્રતિબંધ હોવા છતાં જેમાં ભક્તો ને બાધા આખડી ચાલતા દર્શન કરવાની માનતા હોય તેવા લોકો મા અંબાના દર્શન કરી ભાદરવી પૂનમના પર્વે ધન્ય ધન્ય બન્યા છે .

# નવી સરકાર, પ્રાથમિક શિક્ષકોનું શાંત આંદોલન !!

### ઉત્તર ગુજરાતના ૪૭ તાલુકામાં પ્રાથમિક શિક્ષકો દ્વારા જૂની પેન્શન નીતિના અમલ માટે આવેદનપત્ર આપવાનો દોર : ૯૦૦૦ પ્રાથમિ શિક્ષકો માટે નવી પેન્શન નીતિ નુકશાનકારક

બાયડ, તા. ૨૦

ગુજરાતમાં નવી સરકારની રચના પછી રાજ્યની સરકારી પ્રા. શાળાના શિક્ષકોએ જૂની પેન્શન નીતિના અમલ માટે દરેક તાલુકા મથકે શાંત આંદોલન આવેદનપત્ર આપવાથી શરૂ કર્યુ છે. નવી પેન્શન નીતિમાં લાભીત પ્રા. શિક્ષકોને જીવનનિર્વાહ કરવો અઘરો છે તેવા તર્ક સાથે ઉત્તર ગુજરાતના ૪૭ તાલુકાના પ્રા. શિક્ષક સંઘ દ્વારા પોતાના વિસ્તારના ધારાસભ્યોને આવેદનપત્ર આપી જૂની પેન્શન નીતિનો તમામ પ્રા. શિક્ષકોને લાભ મળે તેવી રજૂઆત રાજ્ય-કેન્દ્ર સરકાર સુધી પહોંચાડવાની લાગણી વ્યક્ત કરી છે.

પ્રાપ્ત જાણકારી અનુસાર સાબરકાંઠા, અરવલ્લી, બનાસકાંઠા, પાટણ અને મહેસાણા જિલ્લાની સરકારી પ્રા. શાળામાં તા. ૧-૫-૨૦૦૪ પછી નિયુક્ત થયેલા પ્રા. શિક્ષકોને નવી પેન્શન નીતિનો લાભ મળે છે. નિવૃત્તી સમયે આવા પ્રા. શિક્ષકોને વર્તમાન મોંઘવારીમાં ઓછુ પેન્શન મળતાં પાછલી ઉંમરમાં નિવૃત્ત કર્મચારીઓ માટે ઓછા પેન્શનમાં જીવનનિર્વાહ કરવો મુશ્કેલ થયો છે. અન્ય રાજ્યોમાં જૂની પેન્શનનીતિ અમલમાં આવી છે પરંતુ ગુજરાતમાં જૂની પેન્શન નીતિનો અમલ થયો નથી જેથી ઉત્તર ગુજરાતના જ ૯૦૦૦ થી વધુ પ્રા. શિક્ષકોને નવી પેન્શન નીતિથી હળાહળ અન્યાય થઈ રહ્યો છે જેથી તમામ તાલુકા પ્રા. શિક્ષક સંઘ દ્વારા છેલ્લા ૪ દિવસથી પોતાના વિસ્તારના લોક પ્રતિનિધીને આવેદનપત્ર આપી વર્ષ-૨૦૦૫ માં જે કર્મચારીઓને નવી પેન્શન નીતિનો લાભ આપવાની શરૂઆત થઈ છે તેમની જૂની પેન્શન નીતિનો લાભ આપવાની લાગણી સરકારને પહોંચાડવા અપીલ કરી છે.

## ફાયર એન.ઓ.સી. વગરના શૈક્ષણિક સંકુલો સામે સખ્તાઈ

### સાબરકાંઠા જિલ્લાની ૫ શાળાઓની સેલ્ફ ડેકલેરેશનમાં નિષ્કાળજી : ડી.ઈ.ઓ. દ્વારા શાળાની માન્યતા રદ કરવા નોટીસ

બાયડ, તા. ૨૦

રાજયમાં કોરોના સમયે ટ્યુશન ક્લાસીસ, હોસ્પિટલમાં આગ લાગવાની દુર્ઘટનામાં લોકો જીવતા ભુજાઈ જવાની ઘટનાથી સરકાર ઉપર પસ્તાળ પડ્યા પછી ફાયરની સુવિધા ન હોય ત્યાં સખ્તાઈ દાખવવાની શરૂઆત થઈ છે. સાબરકાંઠા જિલ્લાની ૫ હાઈસ્કૂલોના આચાર્ય દ્વારા વારંવાર તાકીદ પછી પણ ફાયર એન.ઓ.સી.-સેલ્ફ ડેકલેરશનની ડેકલેશનમાં નિષ્કાળજી રખાતાં ૫ શાળાઓની માન્યતા કેમ રદ ન કરવી તે અંગે નોટીસ આપવામાં આવી છે.

સાબરકાંઠા ડી.આઈ.ઓ. કચેરીના જણાવ્યા અનુસાર જિલ્લાની ગ્રાન્ટેડ-સરકારી શાળાઓમાં ફાયર એન.ઓ.સી. અને આ અંગે સેલ્ફ ડેકલેરેશન મેળવી લેવા તમામ નોડલ તથા એજ્યુકેશન ઈન્સ્પેક્ટરો દ્વારા સૂચના આપવામાં આવી હતી. તેમ છતાં જિલ્લાની ૫ શાળાઓએ ડી.ઈ.ઓ.ના આદેશને અવગણતાં તેઓએ આજ દિન સુધી એન.ઓ.સી.-સેલ્ફ ડેકલેરેશનમાં બેદરકારી દાખવેલ છે. આ બાબતે આચાર્ય સામે શિક્ષાત્મક કાર્યવાહી કરી શાળાની માન્યતા કેમ રદ ન કરવી !! તેનો લેખીત ખુલાશો દિન-૭ માં ડી.ઈ.ઓ. કચેરીમાં રૂબરૂ આવી કરવો અન્યતા આપને આ બાબતે કંઈ કહેવાનું થતુ નથી તેમ સમજી શિક્ષાત્મક કાર્યવાહી કરી શાળાની માન્યતા રદ કરવા આગળની કાર્યવાહી કરવાની ડી.ઈ.ઓ. સંજયભાઈ વ્યાસ દ્વારા નોટીસ આપવામાં આવી છે.

**કઈ શાળાઓને નોટીસ**

ઈલોલ હાઈસ્કૂલ, તા. હિંમતનગર

જાંબુડી હાઈસ્કૂલ, તા. હિંમતનગર

મહીયલ હાઈસ્કૂલ, તા. તલોદ

ભદ્રેશર હાઈસ્કૂલ, તા. ઈડર

આદર્શ વિદ્યાલય, મોતીપુરા, તા. હિંમતનગર



**બાયડના પૂર્વ ધારાસભ્યએ જિલ્લા ભાજપા કાર્યાલય માટે એક લાખનું દાન આપ્યું**

બાયડના પૂર્વ ધારાસભ્ય ધવલસિંહ ઝાલાએ મોડાસાના યુવા સંમેલનમાં જિલ્લા ભાજપા કાર્યાલયનું નિર્માણ થઈ રહ્યું છે તેમાં રૂ. ૧ લાખનું દાન જાહેર કરી સંગઠન હોદ્દેદારોને ચેક આપ્યો હતો. નવા મુખ્યમંત્રી-પ્રધાન મંડળની રચના પછી વર્ષ ૨૦૨૨માં યોજાનારી સામાન્ય ચૂંટણી માટે કાર્યકરોમાં ઉત્સાહ છે. જિલ્લા ભાજપા સંગઠન દ્વારા મોડાસામાં ભાજપાનું સુવિધાયુક્ત કાર્યાલય તૈયાર થઈ રહ્યું છે જેમાં કાર્યકરોને યથાશક્તિ મદદ માટે આહવાન અગાઉથી થયુ છે. ત્યારે બાયડના પૂર્વ ધારાસભ્યએ કાર્યાલય નિર્માણ માટે રૂ. ૧ લાખનો ચેક સંગઠન પ્રભારી જયશ્રીબેન દેસાઈ, સહ પ્રભારી ગિરીશભાઈ જોગણીયા, સંગઠન પ્રમુખ રાજેન્દ્રભાઈ પટેલને આપવામાં આવ્યો હતો. કાર્યક્રમમાં ગુજરાત પ્રદેશ યુવા મોરચા સહ પ્રભારી શ્રેયાંસીબેન, પ્રદેશ યુવા મોરચા પ્રમુખ પ્રશાંત કોરાટ વગેરે હાજર રહ્યા હતા.

## સાબરકાંઠા-અરવલ્લીમાં લૉ પ્રેસર સિસ્ટમ નબળી

### છૂટોછવાયો વરસાદ પડતાં ખેડૂતો નિરાશ

બાયડ, તા. ૨૦

અતિભારે વરસાદની ડંકાની ટોચ ઉપર કરાયેલી આગાહી છતાં સાબરકાંઠા-અરવલ્લીમાં લૉ પ્રેસર સિસ્ટમ નબળી પડતાં ૧૪ તાલુકાના એકાદ-બે તાલુકાને બાદ કરતાં છૂટો છવાયો વરસાદ વરસતાં ખેડૂતો નિરાશ થયા છે.

ચોમાસુ સડસડાટ આગળ વધી રહ્યુ છે. રોજ સવાર પડે અને આજે મૂશળધાર વરસાદ વરસશે તેવી પ્રજાની અપેક્ષા પૂરી થતી નથી. આ વરસે સાબરકાંઠા-અરવલ્લીમાં વરસાદની ઘટ વધુને વધુ જોવા મળતાં તેની આડ અસર શિયાળુ-ઉનાળુ ખેતી ઉપર થવાની શક્યતા છે. રાજ્યના હવામાન વિભાગ દ્વારા ભારે વરસાદની આગાહી થતાં અધિકારી-કર્મચારીઓ હેડક્વાર્ટર ઉપર હાજર રહ્યા પરંતુ મોટા ભાગના તાલુકામાં માત્ર હળવા વરસાદી ઝાપટાં વરસવાના કારણે ખરીફ વાવેતરને ફાયદો થઈ રહ્યો છે પરંતુ આવનારા દિવસો માટે જળાશયો-તળાવ-ચેકડેમમાં પાણીનો મહત્તમ જથ્થો સંગ્રહીત રાખવાની અપેક્ષા પૂર્ણ થતી દેખાતી નથી. જિલ્લામાં સપ્તાહ અગાઉના વરસાદથી નદી ઉપરના મોટા ભાગના ચેકડેમ છલકાયા જેથી નદી કિનારા આસપાસ ૫૦૦ મીટરની ત્રિજ્યામાં આવેલા બોર-કૂવા રીચાર્જ થવાની સાથે પાણીના તળ ઉંચા આવી રહ્યાં છે પરંતુ અન્ય વિસ્તારોમાં ભૂગર્ભ જળ સ્રોત ઉંચા આવ્યા નથી.

## અરવલ્લીમાં વરસાદ બાદ ગામડાના રસ્તા બિસ્માર બનવા લાગ્યા

### સમારકામના નામે મલમપટ્ટીમાં મલાઈ કોણે ચાટી ??

બાયડ, તા. ૨૦

અરવલ્લી જિલ્લામાં વરસાદ બાદ ગામડાને જોડતા ડામર રોડના સમારકામમાં ભ્રષ્ટાચાર આચરવામાં આવ્યો હોવાની ફરિયાદો સામે આવતાં



ડામર રોડ બિસ્માર બનવા લાગ્યા છે. મોડાસા, બાયડ, ધનસુરા અને મેઘરજ તાલુકામાં રોડની મલમપટ્ટીમાં મલાઈ કોણ ચાટી ગયું ?? તે સવાલ ચર્ચાનો વિષય બન્યો છે.

દર વર્ષે ચોમાસામાં ડામર રોડના હલકા કામની વરસાદ પોલ ખોલતો હોય છે. સરકાર દ્વારા પ્રધાનમંત્રી ગ્રામ સડક તેમજ માર્ગ અને મકાન વિભાગની ગ્રાન્ટમાંથી ગામડાંના રસ્તા કરોડોના ખર્ચે તૈયાર કરવામાં આવે તેના ટુંક સમયમાં ભંગાર બની જતા હોય છે. અરવલ્લી જિલ્લામાં ગામડાંના ડામર રોડમાં મોટા પાયે ભ્રષ્ટાચારની ફરિયાદો કાયમી બની છે પરંતુ ભ્રષ્ટ અધિકારીઓના તાર છેક ગાંધીનગર સુધી જોડાયેલા હોવાના કારણે નબળી ગુણવત્તાના કામની કોઈ તપાસ થતી નથી તેથી વર્તમાન ચોમાસાની સિઝનમાં ગામડાને જોડતા ૧૯૦ થી વધુ ડામર રોડ વાહન વ્યવહાર માટે જોખમી બન્યા છે.

રોડની કપચી ઉખડવાની સાથે ભયજનક ગાબડાં નબળા કામની સાક્ષી પુરી રહ્યા છે. જિલ્લામાં વરસાદની ઝાંક ઝીલવામાં ડામર રોડ હચમચી ગયા છે ત્યારે નબળા કામની ઉચ્ચસ્તરીય તપાસ થાય તો ડામર રોડના નિર્માણ અને સમારકામની અનેક ગેરરીતીઓ બહાર આવે તેમ છે.

## અરવલ્લીના ધનસુરા ખાતે યુવા ઉત્સવ ઓનલાઈન તથા ઓફલાઈન સ્પર્ધા આજે યોજાશે

મોડાસા તા.૨૦

ચાલુ વર્ષ ૨૦૨૧-૨૨ દરમિયાન અરવલ્લી જીલ્લા કચેરીની યુથબોર્ડ શાખા દ્વારા તાલુકા, જીલ્લા, રાજ્ય, પ્રદેશ તેમજ રાષ્ટ્રકક્ષાની યુવા ઉત્સવની સ્પર્ધાઓ યોજાનાર છે.

જે અંતર્ગત જીલ્લા રમત ગમત અધિકારીની કચેરી દ્વારા જીલ્લાકક્ષા યુવા ઉત્સવ ઓનલાઈન તથા ઓફલાઈન સ્પર્ધાનું આયોજન અરવલ્લીના ધનસુરાની શ્રી જે.એસ. મહેતા હાઈસ્કૂલ ખાતે તા. ૨૧ સપ્ટેમ્બર ૨૦૨૧ના રોજ યોજાશે.





**સરડોઇ ના ચામુંડા ધામે ભાદરવી પૂનમનો મેળો યોજાયો**

ભાદરવી પૂનમના દિવસે મોડાસાના સરડોઈ ગામના ઉચા ડુંગર ઉપર સ્થિત અને પંથકમાં નાના ચોટીલા તરીકે ખ્યાતિ પ્રાપ્ત ચામુંડા ધામે લોકમેળો યોજાતાં જનમેદની ઉમટી હતી.જ્યારે અમદાવાદ થી પગપાળા આવેલા સંઘનું સ્વાગત કરવામાં આવ્યું હતું. પ્રાપ્ત જાણકારી મુજબ અરવલ્લી જિલ્લામાં પર્યટક સ્થળ તરીકે વિકસિત સરડોઈ ના ચામુંડા ધામ ના વિકાસમાં સરકારે કોઈ રસ દાખવ્યો નથી પણ સ્થાનિક ચામુંડા પરિવાર સેવા ટ્રસ્ટ તેમજ ગ્રામજનો ના સહયોગથી મંદિર સતત વિકાસ કરી રહ્યું છે.દરવર્ષે ભાદરવી પૂનમે અહી પરંપરાગત મેળો યોજાતો હોય છે પણ ગત વર્ષે કોરોનના કારણે મેળો મોકૂફ રહ્યા પછી સોમવારે મંદિરમાં પૂનમ નિમિત્તે ખાસ પૂજા અર્ચના સાથે મેળો યોજાયો હતો.જેમાં રબારી ભરવાડ સમાજ દ્વારા નિશુલ્ક ચા ની સેવા પૂરી પાડવામાં આવી હતી.પૂનમ નિમિત્તે માં ચામુંડા ના દર્શને ૨૦૦ પદયાત્રીઓના સંઘ નું મંદિરના પૂજારી અરૂણ ભાઈ ગોર,અગ્રણી વેપારી ઈશ્વર ભાઈ ભાવસારે સ્વાગત કર્યું હતું જ્યારે પદયાત્રી માટે ચિરાગ ગિરિ ગોસ્વામી દ્વારા લીંબુ શરબત ની સેવા પૂરી પાડી હતી.

## અરવલ્લી : પ્રથમ ગુજરાત સ્ટેટ રેન્કિંગ ટેબલ ટેનિસ ૨૦૨૧માં નિધી અને આયુષે ઈતિહાસ રચ્યો

અરવલ્લી જિલ્લામાં યોજાયેલી પ્રથમ ગુજરાત સ્ટેટ રેક્કિંગ ટેબલ ટેનિસ ટુર્નામેન્ટનું સમાપન થયું હતું આ ટુર્નામેન્ટમાં અંડર ઈલેવન,અંડર થર્ટીન અને અંડર ફીફ્ટીન કેટેગરીમાં કુલ છ ખેલાડીઓ વિજેતા થયા છે,બોયઝ કેટેગરી અંડર ઈલેવનમાં પ્રથમ ક્રમાંકે સુરતના વિવાન દવે,અંડર થર્ટીનમાં ભાવનગરના સુજલ કુકડિયા તેમજ અંડર ફીફ્ટીનમાં સુરતના આયુષ તન્નાએ બાજી મારી છે, જ્યારે ગર્લ્સમાં અંડર ઈલેવન કેટેગરીમાં ક્રિશા પટેલ, અંડર થર્ટીનમાં અમદાવાદની પ્રથા પવાર જ્યારે અંડર ફીફ્ટીનમાં અમદાવાદની નીધિ પ્રજાપતીએ જીત મેળવી છે,અરવલ્લી જિલ્લાના અંડર ફીફ્ટીન કેટેગરની ખેલાડી જન્મેજય પટેલે બીજો ક્રમ હાંસિલ કર્યો હતો,, વિજેતા થયેલા તમામ ખેલાડીઓને મોડાસાના શ્રી.જે.બી.શાહ હ્નજીજી ટેબલ ટેનિસ હોલ ખાતે ટ્રોફી અને પ્રમાણ પત્ર આપી સન્માનિત કરવામાં આવ્યા હતા,, આ પ્રસંગે અરવલ્લી જિલ્લા પોલિસ વડા સંજય ખરાત, જિલ્લા ટેબલ ટેનિસ એસોસિએશના ટ્રસ્ટીઓ ઉપસ્થિત રહી વિજેતા ખેલાડીઓને પ્રમાણ પત્રો એનાયત કર્યા હતા. વિજેતા થયેલા તમામ ખેલાડીઓને સીનિયર કોચ અરવલ્લી દ્વારા શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી.





અમદાવાદની નિધી પ્રજાપતિએ શાનદાર પ્રદર્શન કરીને તથા સુરતના આયુષ તન્નાએ વળતો પ્રહાર કરીને યાદગાર પ્રદર્શન કરીને પ્રથમ ગુજરાત સ્ટેટ રેક્કિંગ ટેબલ ટેનિસ ટુર્નામેન્ટ ૨૦૨૧માં સબ જુનિયર ટાઈટલ જીતી લીધા હતા. ગુજરાત સ્ટેટ ટેબલ ટેનિસ એસોસિયેશનના ઉપક્રમે અને અરાવલ્લી ડિસ્ટ્રિક્ટ ટેબલ ટેનિસ એસોસિયેશનના નેજા હેઠળ અહીંની એમએલ ગાંધી હાયર એજ્યુકેશન સોસાયટી તથા રોટરી ક્લબ ખાતે ટુર્નામેન્ટનું આયોજન કરાયું હતું.